નં. જીઆઇડીસી/ઓએન્ડેમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/
જીઆઈડીસી, વડી કચેરી, ગાંધીનગર
તા.

L09003633011-30/01/2021
Branch : ALLOTMENT
Office : Head Office
Priority : Routine Letters
Label

## // પરિપત્ર //

વિષય:- નિગમની વસાહતોમાં રાસાયણિક અને બિન-રાસાયણિક ઉદ્યોગો સ્થાપવા માટે ઔદ્યોગીક એકમોને ફાળવેલ જમીનમાં પ્રોડકટ ચેન્જ/Addition બાબત.

સંદર્ભ:- જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પીઓએલ/૨૪(૩)૪૮૯/૩૧/૯૪ તા.૨૦/૧૦/૧૯૯૪

નિગમની ઔદ્યોગીક વસાહતોમાં રાસાયણિક અને બિન-રાસાયણિક ઉદ્યોગો સ્થાપવા માટે ઔદ્યોગીક એકમોને જમીન ફાળવવામાં આવે છે.

નિગમ દ્વારા તા.૨૦/૧૦/૧૯૯૪ થી સતાની પુન: સોંપણી થયેલ છે. જેમાં સદર સતાની સોંપણી થતા રાસાયણિક એકમોને લગતી ફાઇલોને લગતી ચકાસણી અને તેના નિકાલની પ્રવર્તમાન પધ્ધતિ યથાવત રાખવામાં આવેલ તથા આવા કેસો વડી કચેરીએ સાદર કરવા સૂચના આપવામાં આવેલ.

સદર પરિપત્રના નિયમ અનુસાર બિન-રાસાયણિક ઉદ્યોગો માટે ફાળવવામાં આવેલ જમીનમાં રાસાયણિક તેમજ પર્યાવરણને અસર કરતા ઉદ્યોગોની મંજૂરી આપવાની સતા વડી કચેરીને નિયત થયેલ છે. વધુમાં, રાસાયણિક હેતુ માટે ફાળવવામાં આવેલ પ્લોટોમાં પણ બિન-રાસાયણિક ઉદ્યોગોની એટલે કે પ્રોડકટ ચેન્જ/Addition માટે પણ વડી કચેરીની મંજૂરી મેળવવાની થાય. જેથી રાસાયણિક એકમોને મંજૂરી આપવાની સાથે રાસાયણિક હેતુ માટે ફાળવવામાં આવેલ પ્લોટોમાં બિન-રાસાયણિક ઉદ્યોગોની પ્રોડકટ ચેન્જ/Addition માટેની દરખાસ્ત અંગે નિર્ણય લેવાની આખરી સતા નિગમના માન. ઉપા. અને વ.સં.શ્રીને સોંપવામાં આવેલ છે. જેથી આવી રજૂઆત મળતા તેના નિર્ણય અર્થે ફાઇલ વડી કચેરીને સાદર કરવા આથી નિગમના તમામ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

નકલ રવાના:
મેનેજર(એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર...તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.